# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૨૦૨૦/૧૦૨ તા.૨૯/૦૨/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

વિષય : સાતમી આર્થિક ગણતરીની કામગીરીમાં ગણતરીદાર/સુપરવાઇઝરશ્રીઓને સહકાર આપવા બાબત.
સંદર્ભ : કલેક્ટરશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ભાવનગરના પત્રાંક : ડીપી/અકડ/સમ/વશી/૧૭/૨૦૨૦ તા.૨૯/૦૧/૨૦૨૦

ઉપરોક્ત વિષય તથા સદંર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે દેશના તમામ રાજ્યોમાં તથા અત્રેના જિલ્લામાં CSC(કોમન સર્વિસ સેન્ટર) દ્વારા સાતમી આર્થિક ગણતરીની ક્ષેત્રિય તથા સુપરવિઝનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત સંદર્ભિત પત્ર તથા માન.કલેક્ટરશ્રીનો "પ્રજાજોગ સંદેશ" આ સાથે સામેલ રાખી દરેક શાળાઓએ ગણતરીદારો અને સુપરવાઇઝરશ્રીઓને કોઇ પણ પ્રકારની અડચણ ઉભી ન થાય તેની તકેદારી રાખવા તેમજ પૂરતો સાથ સહકાર આપવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>બિડાણ</u> : ઉપર મુજબ

<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી-સદર કચેરી

Scanned by CamScanner

આંકડા શાખા, જિલ્લા પંચાયત કચેરી, ભાવનગર.

મોતીબાગ રોડ, ભાવનગર. ફોન નં:- (૦૨૭૮) ૨૪૩૯૯૫૧ થી ૫૯

E-Mail:- dso-ddo-bav@gujarat.gov.in


નં.ડીપી/અકડ/સમ/વશી/ ૬૭ /૨૦૨૦ તા. ૨૪/૦૧/૨૦૨૦

પ્રતિ,

(૧) કમિશનરશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર.

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ભાવનગર.

(૩) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગર.

(૪) પ્રાંત અધિકારીશ્રી, ..........................(તમામ)

(૫) મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભાવનગર.

(૬) મામલતદારશ્રી, ..............................(તમામ)

(૭) ચીફ ઓફીસરશ્રી, નગરપલિકા, ............................(તમામ)

(૮) તાલુકા વિકાસ અધિકારીશ્રી, ..............................(તમામ)

(૯) શ્રી જીલ્લા શિક્ષણાધિકારી (ભાવનગર)

વિષય- સાતમી આર્થિક ગણતરી બાબત.

આથી સર્વે અધિકારીશ્રીઓને જાણવાનું કે, દેશના તમામ રાજ્યોમાં તથા અત્રેના જિલ્લામાં CSC(કોમન સર્વિસ સેંટર) દ્વારા સાતમી આર્થિક ગણતરીની ક્ષેત્રિય તથા સુપરવિઝનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. દ્વિતીય કક્ષાનું સુપરવીઝન રાજય/કેન્દ્રશાસિત પ્રદેશ તથા NSSO(FOD) દ્વારા કરવામાં આવનાર છે.

ઉકત કામગીરી અંતર્ગત મેનેજરશ્રી, કોમન સર્વિસ સેન્ટર, ભાવનગર દ્વારા સંબંધિત ગણતરીદારો અને પ્રથમ કક્ષાના સુપરવાઈઝરશ્રીઓને જરૂરી ક્ષેત્રિય કામગીરી અંગેની સંપૂર્ણ તાલીમ આપી તા.24/01/2020 થી ભાવનગર જિલ્લાના તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઇલ એપ્લીકેશનની મદદથી સાતમી આર્થિક ગણતરીની શરૂઆત કરેલ છે.

ઉક્ત કામગીરી અંતર્ગત તમામ ગણતરીદારોને CSC દ્વારા ઓળખપત્ર આપેલ છે. જેથી શહેરી તથા ગ્રામ્ય કક્ષાએ કાર્યરત સાતમી આર્થિક ગણતરીની રાષ્ટ્રીય કામગીરીમાં ગણતરીદારો અને પ્રથમ કક્ષાના સુપરવાઇઝરશ્રીઓને કોઇ પણ પ્રકારની અડચણ ઉભી ન થાય તે માટે આપશ્રીના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં આ બાબતે વિનામુલ્યે બહોળો પ્રચાર/પ્રસાર થાય તે જોવા તેમજ આપશ્રીના તાબા હેઠળની કચેરી/કર્મચારીશ્રીઓને, સરકારી કે ખાનગી સંસ્થાઓ અને આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ એકમોને વાકેફ કરવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
ભાવનગર
આવક નં. ૧૦૪૨
તારીખ: ૨૭/૧/૨૦
શાખા: યોજના

કલેક્ટર

ભાવનગર

26/2/2020


Scanned by CamScanner

Scanned by CamScanner

ગૌરાંગ મકવાણા આઇ.એ.એસ
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

Gaurang Makwana I.A.S
Collector & District Magistrate, Bhavnagar

# ૭મી આર્થિક ગણતરી

## 'પ્રજાજોગ સંદેશ'

ભારત સરકાર અને રાજ્ય સરકાર સમયાંતરે વ્યક્તિઓ/કુટુંબો/સંસ્થાઓ પાસેથી વિવિધ સામાજિક-આર્થિક બાબતોની માહિતી એકત્ર કરે છે, જેનો ઉપયોગ નીતિ ઘડતર માટે કરવામાં આવે છે. ભારત સરકારશ્રી દ્વારા ૭મી આર્થિક ગણતરી શરૂ કરવામાં આવેલ છે જેના અનુસંધાને ગુજરાત રાજ્યમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે તા.૧૫મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ૭મી આર્થિક ગણતરીનો શુભારંભ કરવામાં આવેલ છે. આર્થિક ગણતરી ખુબ જ અગત્યની ગણતરી છે. આ ગણતરી પરથી દેશમાં કયા પ્રકારના રોજગાર ચાલી રહ્યા છે? કયા રોજગારમાં કેટલા લોકો રોકાયેલા છે? તે અંગેની જાણકારી મેળવવાનો મુખ્ય આશય છે. આર્થિક ગણતરી દેશના આર્થિક ક્ષેત્રના વિકાસ તેમજ ભવિષ્યના લાંબા ગાળાના આયોજનમાં મદદરૂપ થઇ શકે છે. જેમાં સૌપ્રથમવાર મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરી આર્થિક ગણતરી શરૂ કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારના CSC e-Governance Service India Ltd. અને ગુજરાત સરકારના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી દ્વારા ૭મી આર્થિક ગણતરીની ક્ષેત્રિય અને સુપરવિઝનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ ગણતરીની કામગીરી માટે આપને ત્યાં જે ગણતરીદાર/સુપરવાઇઝર આવે તે CSC e-Governance Service India Ltd. દ્વારા નિમણૂંક પામેલા ગણતરીદાર/સુપરવાઇઝર હશે. આથી આ ગણતરી હેઠળ પૂછવામાં આવતાં પ્રશ્નોના જવાબો આપના દ્વારા ખાત્રીપૂર્વક, ચોક્કસ અને સાચા જવાબો તેમને પુરા પાડશો. જેથી મેળવવામાં આવેલ આ માહિતીનો અભ્યાસ કરી ૭મી આર્થિક ગણતરીના પરિણામો બહાર પાડી શકાય. જે રાજ્યના નીતિ વિષયક આયોજનમાં અત્યંત ઉપયોગી બનશે.

આ ગણતરીની કામગીરી માટે આવેલા ગણતરીદાર/સુપરવાઇઝરને આપના દ્વારા આપવામાં આવેલ માહિતી ગુપ્ત રાખવામાં આવશે અને તેનો ઉપયોગ ૭મી આર્થિક ગણતરીના પરિણામો તૈયાર કરવા માટે જ કરવામાં આવશે.

આથી આ રાષ્ટ્રવ્યાપી મહત્વની ગણતરી માટે ક્ષેત્રિય કામગીરી કરતાં ગણતરીદાર/સુપરવાઇઝર જ્યારે પણ માહિતી એકત્ર કરવા માટે આપનો સંપર્ક કરે ત્યારે કોઇપણ પ્રકારના પૂર્વગ્રહ સિવાય રાષ્ટ્રીય કામગીરીમાં શક્ય તે તમામ સહકાર આપવા નમ્ર વિનંતી છે.

આ બાબતોને ધ્યાને લઇ ૭મી આર્થિક ગણતરીની કામગીરીમાં આપ ગણતરીદાર/સુપરવાઇઝરોને સહકાર આપી સહભાગી બનશો તેવી અપેક્ષા છે.

કલેક્ટર અને
અધ્યક્ષ
જિલ્લા કક્ષા સંકલન સમિતિ સાતમી
આર્થિક ગણતરી, ભાવનગર

Scanned by CamScanner

Digital India
Power To Empower

CSC
e-GOVERNANCE SERVICES INDIA LIMITED

**CSC e-Governance Services India Limited**
**Ministry of Electronics and Information Technology (MeitY), Electronics Niketan, 3rd Floor, 6, CGO Complex, Lodhi Road, New Delhi-110003**



| | | |
|---|---|---|
| **Name** | : | **Viramdevsinh R Gohil** |
| **Designation** | : | **District Manager** |
| **Mobile** | : | **7600029583** |
| **District** | : | **Bhavnagar** |

## Instructions :

Please surrender this card on expiry, its loss should be reported immediately to:

**CSC e-Governance Services India Limited**
AT- Bhavnagar, DSO Office, Collector Kacheri

Scanned by CamScanner